**SHANTILAL N. VARU**
B. A. L. L. B.
Junavas, Temple Street
MADHAPUR BHUJ-KUTCH
Pin Code :- 3 7 0 0 2 0

Date :- 6-12-94.

To,

Mr. R. Sankaran,
Salimali Centre For
Ornithology & Natural History,
COIMBATORE.

Dear Sir,

I and M.K. Shri Himmatsinhji reached here on Dt. 4-12-94 @ 10.30 A.M. without any difficulty in journey.

Thank you very much for giving me chance in workshop. It was fine & got good knoweldge through this workshop.

Before, going to Baroda, I gave News of work-shop to our local newspaper " Kutchmitra ". News has been published in issue of 2.12.94. Photo copy of the same is sent herewith for your information please.

I am anxionsly waiting for "Sacon News". Which you ~~take~~ said to me personally at Baroda.

With regards,

Yours sincerelly,
SNVaru
/ S. N. VARU /

# ખડમોર પક્ષીની કાર્યશાળા

સલીમઅલી સેન્ટર ફોર ઓર્નિથોલોજી એન્ડ નેચરલ હિસ્ટ્રી (સેકોન), કોઈમ્બુતર તરફથી ગુજરાત ઇકોલોજી કમિશનના સહયોગથી અને ગુજરાત તથા મધ્યપ્રદેશના જંગલ-ખાતાના સહકારથી હોટેલ સુર્યપેલેસ વડોદરા ખાતે તા. ૨ તથા ૩ ડિસેમ્બર દરમ્યાન ખડમોર પક્ષીના સંરક્ષણ અંગેની કાર્યશાળા યોજવામાં આવી છે. જેમાં ભારતભરના પક્ષી વૈજ્ઞાનિકો ભાગ લેશે.

ખડમોર એ ઘાસના મેદાનનું પક્ષી છે અને સારા ચોમાસામાં તે કચ્છ-સૌરાષ્ટ્ર, પૂર્વ ગુજરાત, પશ્ચિમ મધ્યપ્રદેશ તથા ઉત્તર દક્ષિણ રાજસ્થાનમાં પ્રજનન કરવા આવે છે. આ પક્ષી ઘાસની વીડી તથા રખાલમાં પ્રજનન કરે છે. આ પક્ષીનું કદ મરઘી જેટલું છે. પ્રજનન ઋતુમાં નરનો રંગ નીચેથી કાળો હોય છે અને ઉપરથી ધૂળિયા હોય છે અને માથા પર મોર જેવી કલગી ધરાવે છે તેથી તેનું ખડમોર પડ્યું છે.


તેના ખોરાકમાં ઢાલીયા જીવડાં, બીજ તથા અનાજનો સમાવેશ થાય છે.

ઘાસની જમીનનું ખેતીની જમીનમાં રૂપાંતર અને વધુ પડતું ચરાણને કારણે આ પક્ષીની સંખ્યા દિન-પ્રતિદિન ઘટતી જાય છે જેથી આ પ્રક્ષીને સંરક્ષણ આપવાની કાર્યશાળા યોજાઇ રહી છે.

આ વર્ષે કચ્છમાં સારો વરસાદ થયો હોઈ ચોમાસા બાદ અબડાસા તાલુકામા આ પક્ષી ૪૦ની સંખ્યામા સેકોનના વૈજ્ઞાનિક શ્રી રવિશંકરનને જોવા મળેલા

કચ્છમાંથી આ કાર્યશાળામાં ભાગ લેવા પેલીકન નેચર કલબના પ્રમુખ શ્રી હિંમતસિંહજી તથા મંત્રી શ્રી શાંતિલાલ વરૂ જઇ રહ્યા છે.

-શાંતિલાલ વરૂ



76

Kutch Mitra
Dt. 2.12.99

**SHANTILAL N. VARU**
B. A. L. L. B.
Junavas, Temple Street
MADHAPUR BHUJ-KUTCH
Pin Code :- 3 7 0 0 2 0

Date :- 8/7/95

To

Mr. Ravi Sankaran.

Salim Ali Centre for
Ornithology and Natural
History

Coimbatore

Dear Sir,

I am in receipt of your letters of 5.6.95, 12.6.95 and 29.6.95 (alongwith photographs). Thank you very much for the same. I am anxiously waiting for letter.

There is yet no rain here. We are anxiously waiting for the same.

(PTO)

Some days back, I had met to M.K. Shri Himmatsinhji & discussed about your letter and requested him to make plan for to visit Florican areas in our region.

As suggested by you, I will give brief articles of Lesser Florican in our local wide spread news paper (Kutch-Mitra).

If you come to Bhuj, I will try to meet you. Pl. inform me about your programme in advance.

With regards,

Yours sincerely

[signature]

(S. N. VARU)

Note:-
If possible,
pl. send me [illegible]
pieces.

**SHANTILAL N. VARU**
B. A. L. L. B.
Junavas, Temple Street
MADHAPUR BHUJ-KUTCH
Pin Code :- 3 7 0 0 2 0

Date :- 5.8.95

To

Mr. R. Sankaran,
Salim Ali Centre for
Ornithology and Natural History.
(SACON)
Coimbatore

Dear Sir,

I am in receipt of your letter dt 17.7.95 alongwith 25 posters on Lesser Florican. Thank you very much for the same. I will send it in suitable places.

I have used photograph of Lesser Florican sent by you in our famous news paper Kutch-Mitra. Original cutting of the same is sent herewith for your information and record please.

(PTO)

I have written letters to my
bird watcher friends in Abdasa taluka
for to send me information of sighting
of Lesser Florican. If I get
information I will sure go there. I
will send you report.
Mr. Om Himmatsinhji is happy here.

With regards,

Yours sincerely,

S N Varu

(S. N. Varu)

૧૬/૭/૯૫

# લુપ્ત થતાં પંખી 'ખડમોર'ની વસતી ગણત્રી હાથ ધરાઈ



**કચ્છમાં આ પક્ષી નજરે પડે તો જાણ કરવા અનુરોધ કરાયો**

માધાપર, તા. ૧૭ : કચ્છમાં વરસાદના પ્રારંભ સાથે વરસાદનો છડીદાર 'ચાતક' પણ આવ્યો છે અને તેનો અવાજ પણ શાંત રાત્રીમાં સાંભળવા મળ્યો હતો.

ચોમાસામાં એક અન્ય પક્ષીનું કચ્છમાં આગમન થાય છે જેને ખડમોર કહેવાય છે. તે કુકડીના કદનું હોય છે. નરને કાળો તથા સફેદ રંગ હોય છે. અને તે સુંદર કલગી ધરાવે છે. જ્યારે માદા ધૂળીયો રંગ ધરાવે છે. આ પક્ષીને કલગી હોઈ તે ખડમોર તરીકે ઓળખાય છે. લોકો તેને 'ચોમાસુ તીલોર' તરીકે પણ ઓળખે છે. આ પક્ષી ચોમાસામાં માંડવી અને અબડાસા તાલુકાના ઘાસીયા પ્રદેશમાં નજરે પડે છે. અગાઉ તે બન્નીમાં પણ નજરે પડતો હતો. હાલ આ પક્ષી દુર્લભ થતાં જતાં હોઈ તેને નુકસાન ન થાય તેવી સૌ નાગરિકોની ફરજ બની રહે છે એવું કચ્છના જાણીતા પક્ષીપ્રેમી શાંતિલાલ વરૂએ જણાવ્યું હતું.

વડોદરામાં ગત ડીસેમ્બરમાં આ પક્ષી અંગે એક કાર્યશાળા યોજાઈ હતી. જેમાં ફલોરીકન વોચ ગ્રુપની રચના કરવામાં આવી. આ ગ્રુપમાં કચ્છના શાંતિલાલ વરૂ, મ. કુ. હિંમતસિંહજી તથા નવીન બાપટનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગયા વર્ષે અભ્યાસી ડૉ. રવીશંકરને કચ્છમાં ૪૦ જેટલા ખડમોર જોયા હતા.

આ વરસે ચોમાસાનો પ્રારંભ થયો છે ત્યારે આ પક્ષી તરત જ તેની અનુકૂળ જગ્યાઓએ જરૂર જોવા મળશે તેવી સંભાવના છે. લુપ્ત થતાં આ

(જુઓ પાનું ૫)

## ખડમોરની ગણતરી

(છેલ્લા પાનાથી ચાલુ)

પંખીની વસતી ગણત્રી હાથ ધરાઈ છે.

આ પક્ષી જો કોઈને જોવા મળે તો તેણે જોયાનું સ્થળ અને તારીખ શાંતિલાલ એન. વરૂ, જૂનાવાસ, મંદિરવાળી શેરી, માધાપર (કચ્છ ભુજ) ૩૭૦૦૨૦ને અવશ્ય જણાવવી.

આ પક્ષીની સંખ્યા પરથી ઘાસીયા પ્રદેશની ક્ષમતાનો ખ્યાલ આવે છે. વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ ૧૯૭૨ મુજબ આ પક્ષીને રક્ષણ આપવામાં આવ્યું છે. તેથી તેનો શિકાર કરવો ગુનો બને છે. જંગલ ખાતાએ આ પક્ષીને રક્ષણ મળે તેવું કરવું જરૂરી છે. લોકોએ પણ જાગૃતિ દાખવી આવું કાંઈ બનતું હોય તો જંગલ ખાતાનું ધ્યાન દોરવા એક યાદીમાં જણાવાયું છે.

કચ્છ- મિત્ર
dt 16.7.95

**SHANTILAL N. VARU**
B. A. L. L. B.
Junavas, Temple Street
MADHAPUR BHUJ-KUTCH
Pin Code :- 3 7 0 0 2 0

Date :- 12-09-1995

To,

Mr. Ravi Sankaran,
Salimali Centre for
Ornithology & Natural
History,
Kalampalayam, P.O.
COIMBATORE - 641 010.

Dear Sir,

As instructed in your letter Dt. 12-6-95, My report as member of Florican Watch Group is as under ::-

During 19-8-95 and 20-8-95. I visited Lala Bustard Sanctuary and Parjau Grassland for to scan Lesser Fronican with Pomal & Mr. Langa, Forest Guard. I saw only 2 Great Indian Bustards (Male) at Parjau Grassland. Here some cattle grazier saw 2 lesser Floricans before somedays. Also, one person has seen display of Lesser Florican at Bhachunda village of Abdasa Taluka. At lala, met to local

SHANTILAL N. VARU
B. A. L. L. B.
Junavas, Temple Street
MADHAPUR BHUJ-KUTCH
Pin Code :- 3 7 0 0 2 0



Date :- 12-09-1995.

people for information of this bird.

Posters of lessen floricans were distributed and exhausted at Banni (Dhordo and Bhirandiyara village in Bhuj Taluka) At Nalia, Vanku, Lala, Parjau, Jakhau, Kunathiya in Abdasa Taluka and at Laeja in Mandvi Taluka.

Copy of article of Lessan Florican has been published in our Local news paper " Kutch-Mitra " on Dt. 18-7-95, cutting of the same has been sent to yourself on 5-8-95. I also, met to yourself @ Bhuj on Dt. 20-8-95 and gave report of our visit of Lala Bustard Sanctuary and Parjau Grassland.

Mr. Vijaykumar of Desert Ecology Institute, Bhuj has seen one Lessen Florican @ Lala Bustard sanctuary, which he might have informed you.

SHANTILAL N. VARU
B. A. L. L. B.
Junavas, Temple Street
MADHAPUR BHUJ-KUTCH
Pin Code :- 3 7 0 0 2 0



Date :- 12-09-1995.

About Rs. 500/- was incurred for travel expenses for various sites for to sear Lesser Florican & to distribute posters.

With regards,

Yours sincerelly,

SNVaru

/ S. N. VARU /

**SHANTILAL N. VARU**
B. A. L. L. B.
Junavas, Temple Street
MADHAPUR BHUJ-KUTCH
Pin Code :- 370020

Date :- 10.10.95

To
Mr. Ravi Sankaran,
Salim Ali Centre for Ornithology
and Natural History,
Kalampalayam P.O.
Coimbatore - 641010.

Dear Sir,

You might have recieved my letter Dt 12.9.95.

Enclosed please find herewith cutting of article of Lessar Florican published in our famous news paper 'Kutch-Mitra' on Dt 8.10.95. The article is written by Mr. J.K. Tiwari, previously working in Kutch as scientist of B.N.H.S. Banni grassland project.

With regards,

Yours sincerely
S.N. Varu
( S.N. Varu )

D.A.
one

કચ્છમિત્ર તા ૯.૧૦.૯૫.



ઘાસમાં વિચરતું નર ખડમોર પંખી (તસવીર : અસદ રહમાની)

## પહેલી નજરે આંખોમાં વસી જાય તેવું

# વિલુપ્ત પ્રાય પંખી ખડમોર

પરિશીલન

જુગલકિશોર તિવારી

વરસાદનો માહોલ સર્જાય ચારેકોર હરિયાળી લહેરાતી હોય એવામાં ઘાસની અંદર ઘાસવાળાં બીડમાં તમને જો ભાગ્ય સાથ આપે તો !! 'ખડમોર દેખાય, હા ઘાસના મોરનાં અતિ દુર્લભ દર્શનથી તમે ધન્ય બની શકો.

'ખડમોર'ને GRASS PEA-COCK કે LESSER FLORICAN કે લીખના નામથી ઓળખવામાં આવે છે. લોકો તેને ચોમાસુ તીલોર તરીકે પણ ઓળખે છે. વૈજ્ઞાનિક નામ SYPHEQ TIDES INDICA જે પછી ઘોરડ અને હુબારાના સમૂહનું વિરલ અને અતિ દુર્લભ પક્ષી છે જેનું, આપણાં પ્રિય કચ્છ જિલ્લામાં સદ્દભાગ્યે કેટલાક ઘાસિયા મેદાનોમાં ચોમાસા દરમ્યાન આગમન થાય છે.

લેસર ફલોરિકનને ઓળખવો ખૂબ જ સરળ છે. 'ખડમોર' નામ એટલા માટે પડયું કારણ કે આ પક્ષી મોર જેવું લાગે છે. મોરની જેમ એના માથા પાછળ કલગી હોય છે. માદા કલગી રહિત, જેનો સંપૂર્ણ દેહ ધૂળિયા રંગનો અને ૫૧ સે. મી. જેટલો મોટો હોય છે. નરનો આકાર માદાથી નાનો લગભગ ૪૬ સે. મી. જેટલો હોય છે. નર કાળા અને શ્વેત વર્ણના મિશ્રણવાળો હોય છે. માદાના માથા પર કાળોરંગ હોય છે. અને પીળી પટ્ટી જેવી લાઇન હોય છે. 'ખડમોર' કદમાં કુકડી જેવડું, દોઢ ફૂટ ઊંચું હોય છે. મન મોહી લે તેવું લીખ આંખોમાં રમે એવા દેહવાળું હોય છે. ઉડતી વખતે આ પક્ષી ઉડ્ડયન ટિટોડીને મળતું લાગે છે.

વર્ષાૠતુમાં એમનાં પ્રજનન કાળે આ કૂળના પક્ષીઓની વિશિષ્ટતા નરનું સંવનન નૃત્ય (DISPLAY) અત્યંત અદ્દભૂત અને કલ્પનાતીત હોય છે. સહચારી વૃન્દને એકઠા કરી એમની સામે ઊચાણવાળા સ્થળે નૃત્યલીલા આરંભે છે. અને જમીનથી ૨-૩ મીટર ઊંચું ઉડ્ડયન કરી માદાઓનું ધ્યાન પોતાના તરફ ખેંચે છે. દેડકાં જેવા અવાજ સાથે એ હવામાં તરતો હોય (૪ થી ૫ સેકન્ડ) એમ એજ સ્થળ પર પાછા આવે છે. આમે માદાને રીઝવવા નર કલાકમાં વણથાકયો કેટલીયવાર આવું પ્રદર્શન કરે છે. આવા નૃત્ય જોવાનું સદ્દભાગ્ય કોઇ વિરલ વ્યકિતને જ મળે !! મારા બન્નીના સાડાપાંચ વર્ષના સમયગાળા દરમ્યાન 'ખડમોર'નું પ્રદર્શન તો ઠીક..એકપણ 'ખડમોર'ને નજરે નથી નિહાળી શકયો..

'ખડમોર'નું આવું પ્રદર્શન કયારેક એના મોતનું કારણ બને છે. શિકારીઓ નર પક્ષીને સરળતાથી મોતના ઘાટ ઉતારવામાં સફળ થાય છે.

ડો. રવિશંકરન (પક્ષી વૈજ્ઞાનિક) જેમણે આ પક્ષી પર પી.એચ.ડી. કર્યું છે. એમનું કહેવું છે કે 'ખડમોર' પક્ષીની સંખ્યા ખૂબ જ ઓછી થતી જાય છે અને જેનું કારણ શિકાર પ્રવૃત્તિ, ઘાસીઆ મેદાનોની દુદર્શા (Over Gazing) છે.

લેસર -ફલોરિકન કે 'ખડમોર'નું ગુજરાત અને ભારતમાં કેવું સ્તર છે અને આ પક્ષીનું સંરક્ષણ કેવી રીતે કરી શકાય ? આ અંગેની એક કાર્યશાળા વડોદરામાં ડિસેમ્બર ૧૯૯૪માં યોજાઇ હતી.. જેમાં ફલોરિકન વોચ ગ્રુપની રચના કરવામાં આવી. આ ગ્રુપમાં કચ્છના પક્ષીવિદ શ્રી હિંમતસિંહજી, શાંતિલાલભાઇ વરૂ તથા નવીનભાઇ બાપટનો સમાવેશ કરવામાં આવ્યો છે.

'ખડમોર' આમ તો એક સ્થાનિક પક્ષી છે પરંતુ વર્ષાૠતુ આના સ્થાનિક ભ્રમણ (LOCAL MIGIRATION)ના બારામાં વધારે કાંઇ જાણકારી નથી. ચોમાસામાં આ પક્ષી માંડવી અને અબડાસા તાલુકાના ઘાસિયા મેદાનોમાં નજરે પડે છે, જેમ કે તેરા-બીટા, લાલા અને સિંધોડી વગેરે સ્થળો ખડમોર પક્ષી માટે અનુકૂળ છે.

ઇ.સ. ૧૯૪૩ થી ૧૯૪૮ના સમયગાળામાં ભાવનગરના મહારાવ શ્રી ધર્મકુમારસિંહજીએ ૫૦૦ (પાંચસો) 'ખડમોર' પક્ષીઓને રીંગ પહેરાવી હતી ! આમાંથી ૧૮ 'ખડમોર' ત્યાં જ પાછા મળ્યા કે ૫૦ કિ.મી.ના વિસ્તારમાં જોવામાં આવ્યાં. આમ હજી આ પક્ષીના વ્યવહાર તથા સ્થળાંતરણ - પ્રવાસ બારામાં વધારે કાંઇ માહિતી નથી. સ્વ. મહારાવશ્રી ધર્મકુમારસિંહજીના કહેવા અનુસાર સૌરાષ્ટ્ર તથા કચ્છમાં પ્રવેશ કરવા વાળા લેસર ફલોરિકન ખંભાતની ખાડી પસાર કરીને આવે છે.

કીડા-મંકોડા, દેડકાં તથા ગરોડી વગેરે આ પક્ષીનું ભોજન છે. વિશ્વસ્તર પર વિલુપ્ત પ્રાય પક્ષીઓની શ્રેણીમાં ભારતના બધા જ ઘોરાડ સમૂહ (BUSTARD) આવે છે. સૌભાગ્યે કચ્છમાં ત્રણથી ચાર જાતના BUSTARD જોવા મળે છે. જેમાં તિલોર (HOUBARA) તથા ઘોરાડ (GREAT INDIAN BUSTARD)નું વર્ણન પહેલાં જ પરિશીનલમાં થઇ ચૂકયું છે. બગોલ ફલોરિકન આસામ અને ઉત્તર પ્રદેશના દૂધના ક્ષેત્રમાં પ્રાપ્ત થાય છે. આમ તેનું વર્ણન કચ્છના વિલુપ્ત પ્રાય પક્ષીઓમાં નથી આવતું.

-૧૯૯૪ની વર્ષાૠતુમાં ડૉ. રવીશંકરને ૩૬ 'ખડમોર' નલિયાના લાલા વિસ્તારમાં જોયાં હતાં. આનાથી એ સિદ્ધ થાય છે કે આજે પણ આ પક્ષીઓનાં દર્શનનું સદ્દભાગ્ય પ્રાપ્ય છે (કચ્છમાં).

બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટીના વિજ્ઞાનિકોએ આ પક્ષીના સરંક્ષણ અને જીવનશૈલી પર સુંદર કાર્ય કરેલ છે.

તથા શ્રી શાન્તિલાલભાઇ વરૂએ પોતાના લેખોમાં કચ્છની જનતાને આ પક્ષીના વિષયમાં જાગૃત કરવા ખૂબ જ સુંદર પ્રયાસ કર્યો છે.

'ખડમોર' જેવા દુર્લભ પક્ષીઓને બચાવી શકાય છે, આવશ્યકતા હોય તો તે છે માત્ર આપણી આજુબાજુના ચારે તરફના વાતાવરણને ઓળખવાની તથા આપણી અમુલ્ય વન્ય સમ્પદા તથા વન્ય જીવનને બચાવવાની વન્ય સૃષ્ટિ પર્યાવરણનું બહુમુલ્ય ઘરેણું છે.